રાજયની સરકારી તથા બિનસરકારી
અનુદાનિત કોલેજો ના વ્યાખ્યાતા/
અધ્યાપક સહાયકોના ફીક્સ પગારમાં
સુધારો કરવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી /૧૧૦૪/૧૬૫૭/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૮.૫.૨૦૧૫

<u>વંચાણે લીધા-</u>

૧. વિભાગના તા.૨૫.૮.૨૦૦૫ તથા તા.૩.૧૦.૨૦૧૨ ના સમાનાંકી ઠરાવ.
૨. વિભાગનો તા.૨૬.૮.૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક-જીસીઓ-૧૫૨૦૦૮-૨૬૯૫-ખ
૩. વિભાગનો તા.૧૭.૬.૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક – જીસીઓ-૧૫૦૩-૨૨૨૯-ખ
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૨૦.૬.૨૦૧૪ની દરખાસ્ત ક્રમાંક- કવટ/આઇએચસી-૮/ભરત/૨૦૧૪/૨૪૧૧

<u>આમુખ -</u>

રાજયની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૧ પરના તા.૨૫.૮.૨૦૦૫ ના ઠરાવથી અમલી "અધ્યાપક સહાયક યોજના" અંતર્ગત અધ્યાપક સહાયક તરીકે તેમજ સરકારી કોલેજોમાં ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૨ ના ઠરાવ અન્વયે "વ્યાખ્યાતા સહાયક" એવા નામાભિધાનથી ૧૧ માસ માટે કરાર આધારીત વ્યાખ્યાતા તરીકે માસિક ફીક્સ પગારથી નિમણૂક આપવામાં આવે છે. આ અધ્યાપકોને હાલમાં ચુકવવામાં આવતા માસિક ફીક્સ પગાર રૂ.૧૬૫૦૦/- માં વધારો કરવામાં ન આવે તો પૂરતા પ્રમાણમાં વ્યાખ્યાતા મળી શકે તેમ ન હોવાથી, પુરતા શૈક્ષણિક સ્ટાફના અભાવે શૈક્ષણિક કાર્યમાં પડતી મુશ્કેલી નિવારવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા આ અધ્યાપકોને હાલમાં ચુકવાતા માસિક ફીક્સ પગાર રૂ.૧૬૫૦૦/- માં વધારો કરી રૂ.૨૫,૦૦૦/- કરવાની મંજુરી આપવા માટે ઉપર વંચાણે લીધેલા ક્રમાંક – ૪ પરના પત્રથી દરખાસ્ત કરી હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



Scanned by CamScanner

ઠ રા વ-

રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં "અધ્યાપક સહાયક" અને સરકારી કોલેજોમાં ૧૧ માસ માટે કરાર આધારિત "વ્યાખ્યાતા સહાયક" ને હાલમાં માસિક ફીક્સ વેતન રૂ.૧૬,૫૦૦/- ચૂકવવામાં આવે છે તેમાં વધારો કરી માસિક રૂ.૨૫,૦૦૦/- ચૂકવવા માટે આથી મંજુરી આપવામાં આવે છે.

આ હુકમો ઠરાવ થયા તારીખથી અમલમાં આવશે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૩.૫.૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(નિકુંજ જાની)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ – ૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ – ૨ (પે એન્ડ ઇ), ગુજરાત રાજ્ય, અમદાવાદ- રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- નાણાસલાહકારશ્રી(શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય.
- આચાર્યશ્રી, તમામ સરકારી તથા બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.



Scanned by CamScanner